# યુવાનો નવી ટેકનોલોજી અને સાયન્સ ક્ષેત્રે દીર્ઘદ્રષ્ટિ કેળવી પ્રગતિ કરે




## ગાંધીનગર આંજણા(ચૌધરી) સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સમાન તથા પરિવાર પરિચય ડીરેકટરશ્રીનું વિમોચન

ગાંધીનગર, તા. ૭

પાણી પુરવઠા અને સિંચાઇ રાજય મંત્રી શ્રી પરબતભાઇ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા વર્ષોમાં ચૌધરી સમાજમાં ઘણાં નવા ક્ષેત્રોમાં બદલાવ આવ્યો છે. નવી ટેકનોલોજી અને સાયન્સ ક્ષેત્રે યુવાનો પ્રગતિ કરી દીર્ઘદષ્ટિ કેળવી પ્રગતિ કરે તેવી અપીલ મંત્રીશ્રીએ કરી હતી.

ગાંધીનગર આંજણા(ચૌધરી) સમાજના વિશાળ સ્નેહમિલન કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા મંત્રી શ્રી પરબતભાઇ પટેલે જણાવ્યું હતું કે, સમાજના યુવાનો દીર્ઘદૃષ્ટિ કેળવીને આગળ વધે. યુવાનોનાં વિકાસ માટે સમાજનું પીઠબળ ખૂબ જરૂરી છે. સમાજ શિક્ષણની સાથોસાથ ધંધા-રોજગાર ક્ષેત્રે આગળ વધી ગ્લોબલ સમીટ દ્વારા બીઝનેસના ક્ષેત્રમાં પણ સપનાઓ જોવા જોઇએ.

પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્નેહ મિલન સમારંભના આયોજનથી સમાજમાં એકતા, સંગઠન, આત્મીયતા અને નવા વિચારોનું આદાન-પ્રદાન થાય છે. સમાજના સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠીઓએ નવી દિશા ચીંધી છે. સમાજના સાતત્યપૂર્ણ વિકાસ માટે વિકાસની ઘણી મંઝીલો સર કરવાની બાકી છે. જ્ઞાનની સદીમાં કોઇની મોનોપોલી રહી નથી. નોલેજને કેન્દ્રસ્થાને રાખીને ચૌધરી સમાજ વધુ પ્રગતિ કરે તેવી અપીલ કરી હતી.

મહાનુભાવોના હસ્તે સમાજના તેજસ્વી વિધાર્થઓ, ડાંકટરો તથા સ્નેહમિલન કાર્યક્રમમાં નોંધપાત્ર યોગદાન આપનાર પૂર્વ કોર્પોરેટર શ્રી શંકરભાઇ બી. ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ગ-૧ના અધિકારીઓ અને ખાસ એવોર્ડ વિજેતાઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે ગાંધીનગર ચૌધરી સમાજના પરિવાર પરિચય ડીરેકટરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

અતિથી વિશેષ પદે ધાનેરાના ધારાસભ્ય શ્રી નાથાભાઇ પટેલ, દિયોદરના ધારાસભ્ય શ્રી શિવાભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર ચૌધરી સમાજ દ્વારા શૈક્ષણિક સેવાકીય અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોચીંગ કલાસ સહિતની વિવિધ સમાજોપયોગી સારી કામગીરી કરે છે. સમાજ અને ખાસ કરીને યુવાનોના વિકાસમાં સામાજિક સંગઠનો અને સમાજની એક્તા ખૂબ જ અનિવાર્ય છે.

ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી વિષ્ણુભાઇ એન.ચૌધરી (મેટ્રો) તથા મહામંત્રી શ્રી ઈશ્વરભાઇ ચૌધરીએ સમાજની પ્રગતિ માટે હાથ ધરેલાં વિવિધ કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે વિજાપુર એ.પી.એમ.સીના વાઈસ ચેરમેન શ્રી કનુભાઇ ચૌધરી સહિત સમાજના અગ્રણીઓ અને ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ચૌધરી એકેડમીના વર્ગ-૧-૨ ના સફળ થયેલા વિધાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

---

### ડાયરેક્ટ ❤ સે

ક્યારેક
એમ લાગે કે
સંબંધો કરતાં
હાર સારી
કમ-સે-કમ
એક
હાર તો સ્વીકારે

### જન્મદિને વધામણી


ધ્રુવભાઈ જોષી
નિવૃત્ત નાયબ વન સંરક્ષક


બિપીનચંદ્ર વૈષ્ણવ
ફોન : ૨૩૨૨૧૩૮૦


જાહ્નવી ઉમંગ
લાયોનેસ કલબ


જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

---

સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત

## નવું નાટક 'ફ્લર્ટિંગ ઍટ ૫૦' આજે આંબેડકર હૉલમાં ભજવાશે

**સ્વ. કલાકાર પિનાકીન વાઘેલા અને વૅસ્લી પીટર (કીર્તિ)ની સ્મૃતિમાં જી ઈ કલબ અને ગાંધીનગર ગૃપ દ્વારા આયોજન : નગરના સૌ કલારસિકોને નાટક માણવા નિમંત્રણ**

ગાંધીનગર,

ગાંધીનગરના બે સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા અને વેસ્લી પીટરની સ્મૃતિમાં એક નાટ્ય શોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં આયોજક સંસ્થા જી ઈ ક્લબના અગ્રણી કુંતલ નિમાવત અને ગાંધીનગર ગૃપના અગ્રણી હિમાંશુ ભચેચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે નાટ્યક્ષેત્ર કલાકાર સ્વ. પિનાકીન વાઘેલા અને લોકનૃત્ય ક્ષેત્રના કલાકાર સ્વ. પીટર વેસ્લીની સ્મૃતિમાં આ નાટ્ય શોનું આયોજન આગામી તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે આંબેડકર હૉલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નાટ્યસુમન કલા ટ્રસ્ટ અને પૂર્વી પ્રકાશ જાડાવાલા નિર્મિત નાટક 'ફ્લર્ટિંગ ઍટ ૫૦'નું મંચન આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવશે. સંપૂર્ણ પારિવારીક, મનોરંજક આ નાટકના લેખક અંશુ જોષી છે અને દિગ્દર્શક પ્રજા-જય પંડ્યા છે. જિગર બુંદેલા, નંદિની મહેતા, ચિંતન જોષી, દિગીશા ગજ્જર, શ્રદ્ધા સુથાર, જૈમિન પટેલ, અભય નાગર અને જય પંડ્યા આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. નગરના સ્વર્ગસ્થ કલાકારોને કલાંજલિ અર્પણ કરવા અને સાથે સાથે અદકેરું મનોરંજન મેળવવા માટે તરોતાજા એવું આ નાટક માણવા માટે સૌ નગરજનોને, નાટ્યરસિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

---

## કાઈટ ફાઈટની ફાઈનલ સ્પર્ધા ૧૩મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૭

દેશમાંથી શ્રેષ્ઠ પતંગબાજ શોધવા માટેની વાર્ષિક કાઈટ ફ્લાઈંગ સ્પર્ધા - રેડ બુલ ફાઈટની ચોથી આવૃત્તિનો આરંભ થયો છે. આ સ્પર્ધા ગુજરાત પ્રવાસનના સહયોગથી યોજવામાં આવે છે અને દેશમાં કાઈટ ફાઈટની આ એકમાત્ર સ્પર્ધા છે. રેડબુલ કાઈટ ફાઈટે પતંગ ઉડાડવાના પરંપરાગત તહેવારને સ્પર્ધાનું સ્વરૂપ આપ્યું છે. આ સ્પર્ધા અગાઉની આવૃત્તિઓની જેમ પાંચ અલગ અલગ પ્રકારના પતંગ સાથે છેક સુધી ટકી રહેવાના ફોર્મેટને અનુસરશે, જે પતંગ ઉડાડનારા પતંગબાજોનાં કૌશલ્ય અને દાવપેચની મર્યાદાની ચકાસણી કરશે. કાઈટ ફાઈટની આ ચોથી આવૃત્તિમાં ચાર શહેરોના પતંગબાજો તેમની પતંક ઉડાડવાની કુશળતાની પરીક્ષા આપી રહ્યા છે. ૬ઠ્ઠી જાન્યુઆરીએ જયપુર અને વડોદરામાં તથા ૭મી જાન્યુઆરીના રોજ અમદાવાદ અને સુરતમાં ક્વૉલિફાયર રાઉન્ડ યોજાયા હતા. સ્પર્ધાની ફાઈનલ ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ અમદાવાદમાં યોજાઈ રહી છે.

---

## શાળાઓને જ્યારે મંજૂરી અપાય ત્યારે આરટીઈનો અમલ થવો જોઈએ : હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૭

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં નવી શરૂ થયેલી શાળાઓમાં મફત અને ફરજિયાત શિક્ષણ(ઈઈ)ના કાયદા પ્રમાણે ૨૫ ટકા બેઠકો અનામત રાખી પ્રવેશ કાર્યવાહી ના થઇ હોવાનો આક્ષેપ કરતી જાહેરહિતની રિટ હાઈકોર્ટમાં કરવામાં આવી છે. આ રિટની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર. શાહની ખંડપીઠે રાજ્ય સરકાર સામે લાલ આંખ કરી હતી. સાથે જ એવી ટકોર પણ કરી હતી કે,'શાળાઓને મંજૂરી આપો ત્યારથી જ તેમાં ઈઈનો અમલ થવો જોઈએ.' રાજ્ય સરકારને ખંડપીઠે એવી ટકોર કરી હતી કે,'આ સંદર્ભે તમે માહિતી લઈને જણાવો છો કે અમે કોઇ આદેશ કરીએ.' તેથી સરકાર તરફથી જરૂરી સૂચન મેળવવામાં આવ્યું હતું અને અઢી વાગ્યે કેસની પુનઃ સુનાવણી હાથ ધરાઈ હતી. ત્યારબાદ હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે.

હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે જરૂરી સૂચન લઈ કોર્ટને જણાવ્યું હતું કે,'તેઓ આગામી શૈક્ષણિક સત્રથી નવી શાળાઓમાં પણ ઈઈ હેઠળ પ્રવેશ આપશે.' ખંડપીઠે મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજમાં રિશફલિંગ થાય છે તેનું ઉદાહરણ પણ આપ્યું હતું. તે ઉપરાંત એવી ટકોર પણ કરી હતી કે,'જે શાળાને ઈઈ હેઠળ આવવું ના હોય તેઓ ઈઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા થઈ જાય એ બાદ મંજૂરી મેળવી શકે છે. તેથી મંજૂરી આપો ત્યારથી જ ઈઈનો અમલ થવો જોઈએ.' આ સમગ્ર મામલે અરજદાર સંદીપ મુંજ્યાસરાએ આ રિટ પિટિશન કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે,'ચાલુ શૈક્ષણિક વર્ષમાં કેટલી નવી શાળાઓને મંજૂરી અપાઈ છે, કેટલી શાળાઓએ ૨૫ ટકા બેઠકો આરટીઈલ માટે અનામત રાખી છે અને આ શાળાઓએ કેટલા બાળકોને પ્રવેશ આપ્યો છે તેની માહિતી છેલ્લા ઘણા સમયથી માંગવામાં આવી રહી હોવા છતાંય પ્રાથમિક શિક્ષણ વિભાગ આપતું નથી. તેથી આ મામલે તપાસ કરતા અંદાજે ૩૦૦થી વધુ નવી શાળાઓને ચાલુ વર્ષે મંજૂરી અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે, તે પૈકીની મોટાભાગની શાળાઓએ આરટીઈ હેઠળ ૨૫ ટકા બેઠકો મુજબ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી નથી.'

---




(૧) અમેરિકાએ આતંકવાદ મુદ્દે કયા દેશને એક અરબ ડૉલરની સુરક્ષા સહાય રદ કરી દીધી છે?
(એ) શ્રીલંકા
(બી) પાકિસ્તાન
(સી) ભારત
(ડી) ઈરાન

(૨) કયા રાજ્યની સરકારે અંગ્રેજી માધ્યમની સ્કૂલો સિવાયની સ્કૂલો માટે અલગ શિક્ષા બોર્ડ બનાવવાની જાહેરાત કરી છે?
(એ) બંગાળ (બી) ઉત્તર પ્રદેશ
(સી) મહારાષ્ટ્ર (ડી) બિહાર

(૩) ૩૪મો બાર્બિન આઈસ એન્ડ સેનો ફેસ્ટીવલ કયા દેશમાં શરૂ થયો છે?
(એ) ચીન (બી) બ્રિટન
(સી) અમેરિકા (ડી) જર્મની

(૪) ૧૫૦ વર્ષ બાદ 'બ્લૂ મૂન' પૂર્ણ ચંદ્રગ્રહણ કયા માસના અંત સુધીમાં દેખાશે?
(એ) માર્ચ (બી) એપ્રિલ
(સી) જાન્યુઆરી (ડી) મે

(૫) પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદમાં સંયુક્ત સચિવ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) સુમિત્રા ગુપ્તા (બી) સુમિત્રા રામી
(સી) સુમિત્રા મહાજન (ડી) સુમિત્રા મિશ્રા

(૬) તાજેતરમાં કયા વયોવૃધ્ધ કવિનું નિધન થયું છે?
(એ) અનવર જલાલપુરી (બી) રવિશ મિશ્રા
(સી) અવિનાશ ગુપ્તા (ડી) વિજય આપટે

(૭) ૨૦૧૮માં ભારતના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે કયા આંતરરાષ્ટ્રીય સંગઠનના નેતાઓ હાજરી આપશે?
(એ) બ્રિક સંગઠન (બી) આસિયાન સંગઠન
(સી) જી-૨૦ સંગઠન (ડી) જી-૭ સંગઠન

(૮) યુનિસેફના કાર્યકારી નિર્દેશક પદે તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) જેમી સેલવી (બી) હેલન કયાની
(સી) હેનરીટા એચ ફોર (ડી) આઈરિના લોકાવા

(૯) આઈસીસી મહિલા ક્રિકેટ ઓફ ધ યરનો ખિતાબ કઈ મહિલા ખેલાડીએ જીત્યો છે?
(એ) એલવીના મેરી (બી) એલીસ પેરી
(સી) જોસલી મેરી (ડી) સ્ટેફની પેરી

(૧૦) લાઈબેરિયાના નવા રાષ્ટ્રપતિ પદે કોણ ચૂંટાઈ આવ્યું છે?
(એ) એલેન જોસેફ (બી) જોર્જ લિકાસોની
(સી) ડેનીસ વિનેચ (ડી) જોર્જ વેહ


---

# માનવોમાં રહેલી માનવતાને મહેકતી કરે તે ધર્મ

## હિન્દુ જાગરણના મહાન સંત જગદ્ ગુરૂ સ્વામી શ્રી રામાનંદાચાર્યની આજે જન્મજયંતિ

'સમન્વય' એ ભારતીય સંસ્કૃતિનું ધ્રૂવપદ રહ્યું છે. એ જ આપણું મિશન છે. ૧૪મી સદીમાં પ્રગટેલ પ્રખર હિંદુધર્મ ઉદ્ધારક અને સંઘર્ષ નહીં સમન્વય દ્વારા માનવધર્મ અને માનવ સંસ્કૃતિને પાંગરવાનો સંદેશો આપનાર રામ-ભક્ત, સમાજસુધારક અને વર્ણભેદને જડમૂળથી ઉખેડી નાખવાની હાકલ કરનાર જગદ્ ગુરુ સ્વામી રામાનંદાચાર્યજીની ૮, જાન્યુઆરીએ ૭૧૮મી જન્મજયંતીએ વંદન કરી આ બાબતે ચિંતન-મનન કરીએ.

જે પ્રકારે પહેલા ત્રણ યુગમાં ભગવાને ચોવીસ અવતાર લીધા એ જ પ્રકારે કલિયુગમાં આચાર્યોનો ચતુર્વ્યૂહ પ્રગટ થયો. જેમાં શ્રી સમ્પ્રદાયના સંવર્ધક દક્ષિણ ભારતમાં શ્રી રામાનુજાચાર્ય, વિષ્ણુ સ્વામી, મધ્વાચાર્ય, નિમ્બાકાચાર્ય અને ઉત્તર ભારતમાં શ્રી રામાનંદાચર્યજી થયા. એ મહાન ઉદ્ધારક અને ઉદાર હતા. શરણાગતોને અપનાવવામાં તેમની દૃષ્ટિ સંકુચિત ન હતી. એ પ્રેમામૃત અને જ્ઞાનામૃતના અગાધ સમુદ્ર હતા. આ પૃથ્વી પર ભક્તોની અભિલાષાઓને પૂર્ણ કરવાને માટે સાક્ષાત્ કલ્પવૃક્ષ હતા. કલિકાળના પાષાણ યુગમાં આ આચાર્યોએ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જનજનમાં ભવતારક જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિભાવ ભરી દીધા. તેમણે સમજાવ્યું કે, માણસને મજબૂત બનાવે, મુશ્કેલીઓ, તકલીફો કે અવરોધો સાથે બાથ ભીડતા શીખવે તે ભક્તિ છે. માનવોમાં રહેલી માનવતાને મહેકતી કરે તે ધર્મ છે. રામાનંદાચાર્યના શિષ્ય અનંતાનંદ અને અનંતાનંદના શિષ્ય કૃષ્ણદાસ પયહારી હતા, અને કૃષ્ણદાસ પયહારીના શિષ્ય નાભાદાસજી....




ઉત્તર ભારતના ધાર્મિક વાતાવરણથી સંપૂર્ણ રીતે પરિચિત સ્વામી રામાનંદાચાર્યજીએ પોતાના આકર્ષક વ્યક્તિત્વ અને ઉદાર ભક્તિ સિદ્ધાંતોના આધારે ભગવાન શ્રી રામચંદ્રની લોક રક્ષક તરીકે સ્તુતિ કરી. તેમને મર્યાદા પુરુષોત્તમના રૂપમાં સ્વીકાર્યા. તેમના જ પ્રેમ અને ભક્તિને મોક્ષનું સાધન માની જાતિ કે ધર્મનાં બંધન વિના ધર્મનો ઉપદેશ આપ્યો. દાસ્યભક્તિ ભાવનાના પ્રખર પ્રચારક બન્યા. માનવજીવનને નવું જીવન અને પ્રેરણા આપી. તેમણે જનસમાજને અનુશાસિત તથા મર્યાદિત જીવન જીવવા રામના જીવનમાંથી પ્રેરિત કર્યો. તેમણે જનસમુદાયને 'શ્રી રામાય નમઃ' મંત્ર આપ્યો. તેમણે જણાવ્યું કે ભક્તિ એ હૃદયની નૈસર્ગિક ભાવના છે. ભક્તિ માનસિકરૂપે ઈશ્ર્વરનું સતત ચિંતન છે. જગદ્ ગુરુ રામાનંદા-ચાર્યજીમાં દાર્શનિક ભાવ જેટલો જ ધાર્મિક ભાવ પણ ઉચ્ચકોટીનો હતો. તેમણે ભક્તિના પાયા પર દર્શનના સુદૃઢ મંદિરનું નિર્માણ કર્યુ. ભક્તિનો સંબંધ હૃદય સાથે છે તેથી કોઈ પણ વર્ણની વ્યક્તિ હોય, રામનું દ્વાર તેમના માટે ખુલ્લું છે. રામાનંદાચાર્યજીએ સમતાનો પ્રચાર કર્યો. ઘોષણા કરી કે રામની ભક્તિ સમસ્ત જાતિ-ભેદોથી ઉપર છે. આ ઉપરાંત તેમણે માનવજીવનમાં અખાદ્ય વસ્તુઓના સેવનને નિષેધ ઠેરવ્યું. ભારતની ભયગ્રસ્ત પ્રજાને તમામ ભય જેવાં કે અસલામતી, નિર્ધનતા, લોભ-લાલચ, બદનામી, મૃત્યુ વગેરેમાંથી બહાર લાવી નિર્ભયતાથી જીવન જીવવાના કળા શીખવી. હિન્દુ ધર્મમાં પ્રસરેલી ધાર્મિક સંકુચિતતા સામે બળવો પોકારનાર પ્રથમ સંત રામાનંદાચાર્ય હતા. તેમણે રામનું નિત્ય ચિંતન હૃદયમાં રાખી રામ સ્મરણનો મહિમા સમજાવ્યો. સમગ્ર ભારતની યાત્રા કરી. ગામડે ગામડે રામમંદિરનું નિર્માણ કરવાની અલખ જગાડી. સરળતા અને લોકચાહનાને કારણે રામાનંદાચાર્ય પુષ્કળ લોકપ્રિયતા મેળવી શક્યા. પરિણામે આધુનિક ભારતીય સમાજનું જે પવિત્ર વાતાવરણ નિર્માણ પામ્યું. તેનો શ્રેય ચોક્કસ રામાનંદાચાર્યજીને આપી શકાય. જગદ્ ગુરુએ માનસિક ક્રાંતિ લાવી માનવ માત્રમાં ભક્તિ ભાવના જાગરૂક કરી સામાજિક કુરિવાજો અને દુર્ગુણોને મૂળમાંથી ઉખાડી નાખ્યા. હિન્દુ ધર્મના આ પ્રખર સંતનો જન્મ માઘકૃષ્ણ સપ્તમી વિક્રમ સંવત ૧૩૫૬માં વશિષ્ટ ગોત્રીય શુક્લ યજુર્વેદીય કાન્યકુબ્જ બ્રાહ્મણ પરિવારમાં પ્રયાગરાજમાં થયો. તેમના પિતાનું નામ પંડિત શ્રી પુણ્ય સદન શર્મા અને માતા શ્રીમતી સુશિલાદેવી હતું.

જગદ્ ગુરુ એ સર્વધર્મ સમભાવથી સૌને સમજાવ્યું કે, આ સંપૂર્ણ જગત એક જ પરમાત્માથી ઉત્પન્ન થયું છે. ઈશ્વરે બધાંને ભજન-સાધના માટે મનુષ્ય શરીર આપ્યું છે. તેમ છતાં બીજાના ધર્મને તમે હાનિ શા કારણે પહોંચાડો છો? ઈશ્વર કેવળ તમારા જ નથી. પ્રાણી માત્રના પાલક છે. આખો સંસાર એમનામાં અને તેઓ બધામાં રમી રહ્યા છે. રામ અને રહીમ, ઈશ્વર અને અલ્લાહ આ નામના જ ભેદ છે. તત્વતઃ ઈશ્વર એક જ છે. જ્યાં સુધી આવી ભાવના નહીં થાય, ત્યાં સુધી પોતાના ધર્મનું પાલન અને સુખ-શાંતિ પ્રાપ્ત નહીં થાય. આ શિરમોર ચિંતને ભારતીય પ્રજાને અને રાષ્ટ્રને દિશા ચીંધી. શ્રી રામાનંદાચાર્ય સ્વામીએ બાદશાહ ગ્યાસુદીન તુઘલખને મળીને, જજીઆ વેરો, હિંદુઓનાં મંદિરો તોડવા નહી, નવા મંદિરો બનતા અટકાવવા નહીં, વિવશતાપૂર્વક કોઈને મુસલમાન ન બનાવવા, ગૌહત્યા બંધ કરાવવી, હિંદુ ધર્મગ્રંથોનો નાશ ન કરવો, સ્ત્રીઓનું અપહરણ, મંદિરમાં આરતી-શંખ ધ્વનિ થવા દેવા, કુંભમેળા ઉપરનો કર દૂર કરાવ્યો. ઉત્સવ, તિથિ, તહેવાર ઊજવવા પર થતી મુશ્કેલીઓ દૂર કરાવી. આમ, વિવિધ મુશ્કેલીઓ દૂર કરી. હિન્દુ ધર્મનું રક્ષણ કર્યુ. બાદશાહ ગ્યાસુદીને તે મંજૂર કરી સમગ્ર દેશમાં તેની જાહેરાત કરી. સર્વત્ર શ્રી સ્વામી રામાનંદાચાર્યજીનો જય જયકાર થવા માંડ્યો. ધર્મ પરિવર્તન કરાયેલા લાખો હિંદુઓને પુનઃ ધર્મમાં પરત સ્થાન આપ્યું. જગદ્ ગુરુ રામાનંદાચાર્યજીએ વેદ, ઉપનિષદ, ગીતા ઉપર ભાષ્ય રચ્યું. જે આનંદ ભાષ્ય તરીકે વિખ્યાત છે. તેમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું સુંદર વર્ણન છે. હિંદી સાહિત્યના ઈતિહાસમાં આચાર્ય રામચંન્દ્ર શુક્લ નોંધે છે, રામાનંદજી એ રચેલા માત્ર બે સંસ્કૃત ગ્રંથ મળે છે - વૈષ્ણવમતાબ્જ ભાસ્કર અને શ્રીરામાર્ચન પદ્ધતિ. તેમણે જગ પ્રસિદ્ધ હનુમાનજીની આરતીની રચના કરી છે. આરતી કીજે હનુમાન લલા કી... શ્રી રામેશ્વરમમાં શૈવ-વૈષ્ણવોના ઘોર વિરોધમાં ભગવાન શિવનું પૂજન કરી વૈષ્ણવોને દર્શન કરવાની મુશ્કેલી દૂર કરી. આમ, અંતે ભારતીય સંસ્કૃતિની ખીલવણી કરી. ભક્તિભાવનાનું ઝરણું સમગ્ર ભારત વર્ષમાં વહેવડાવી જગદ્ ગુરુશ્રીએ વિક્રમ સંવત - ૧૫૩૨ ચૈત્ર શુક્લ નવમી શ્રી રામનવમીના દિવસે ઈહલોક લીલા સંકેલી નિજ સ્વરૂપમાં અંતર્ધાન થયા.

**- ડો. કિશોર સાધુ**

જગદ્‌ગુરૂ રામાનંદાચાર્યજીની ૭૧૮મી જન્મજયંતિની વિશેષ ઉજવણીનું આયોજન શ્રી રામાનંદાચાર્ય ધર્મ પ્રચાર અને ઉત્સવ સમિતિ, કૌશલેન્દ્ર મઠ, અમદાવાદ દ્વારા સોમવાર, તા. ૮ જાન્યુરીના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું છે.

સવારે ૯ કલાકે રામાનંદાચાર્ય મહારજનું વેદોક્ત મહાપૂજન થશે. ત્યારબાદ ૧૦.૩૦ કલાકે સંતો-મહંતોની ધર્મસભા યોજાશે, બપોરે ૧૨.૦૦ કલકે મંદિરની આરતી થશે અને તે પછી ૧૨..૩૦ કલાકે શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. જે કૌશલેન્દ્ર મઠથી આરંભાઈ, અંજલી ચાર રસ્તા, ધરણીધર ચાર રસ્તા, વિકાસગૃહ રોડ, મહાલક્ષ્મી પાંચ રસ્તા, દત્ત સોસાયટી થઈને નિજ મંદિર પરત ફરશે.